જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૧/૨૦૨૫ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૪૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૩૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૧/૨૦૨૫

**શાહીબાગઃ** સિવિલ હોસ્પિટલ પાછળ અમુલ પાર્લર પાસે શાંતમ ટાવર ખાતે રહેતી યુવતીએ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુવતીએ સ્કીન કેર પ્રોડકટ મંગાવવા HYPHEN વેબસાઈટ ઉપર ઓનલાઈન ઓર્ડર નોધાવેલ હતો ત્યારબાદ તા.03/૦૧/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૪૮૦૧૫૧૭૮૪ ના ધારકે યુવતીને ફોન કરી જણાવેલ કે સ્કીન કેર પ્રોડકટમાં ઓફર છે જો તમે તમારો જુનો ઓર્ડર કેન્સલ કરી નવો ઓર્ડર રૂપિયા ૩૯૯૯/- થી વધુનો કરશો તો તમને લેપટોપ, ટી.વી, આઇફોન, એ.સી., રેફ્રીજરેટર,એપલ વોચ જેવી વસ્તુઓમાંથી કોઇ એક વસ્તુ ગીફ્ટ મળશે તેમ કહેતા યુવતીએ સ્કીમ મુજબ ઓર્ડર નોધાવેલ હતો. ત્યારબાદ ગીફટ મેળવવા જી.એસ.ટી.ની રકમ ભરવાનુ જણાવી જી.એસ.ટી.ની રકમ રિફંડ મળી જશે તેમ કહી ટુકડે ટુકડે રૂપિયા કુલ રૂપિયા ૧,૫૦,૬૦૪/- ઓનલાઇન ટ્રાન્જેકશન મારફતે મેળવી લઈ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૨/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** જગદીશભાઈ નારણભાઈ જયસ્વાલ (રહે. શ્યામ દર્શન સોસાયટી શિવાજી ચોક પાસે નવા નરોડા) એ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી તા.૨૦/૦૧/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯,૯૦,૦૦૦/- તથા ચાંદીના પાયલ તેમજ ચાંદીના ગ્લાસ મળી કિમત રૂપિયા ૩૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૦,૨૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩/૨૦૨૫**

**નારોલઃ** કરણ હકાભાઇ કોળી પટેલ (ઉ.વ.૨૦) (રહે. સુરભી ટેનામેન્ટના પ્રથમ માળે સત્યમનગરની સામે રામભાઇ ચેનલવાળાની ગલીમાં શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી